ગાંધીનગર સમાચાર

**આજે શહેરમાં વિશ્વ વડીલ દિવસ પ્રથમવાર ઉજવાશે**

# ગાંધીનગરના ગરબા મેદાનમાં રાજવી પરિવારની મહિલાઓ ગરબે ઘુમશે

**રોયલ પરિવારની મહીલાઓ પ્રથમવાર ગરબા મેદાનમાં એન્ટ્રી લેશે : જાણીતા કોરીયોગ્રાફર ભાવિન પટેલ દોઢીયુ, કચ્છી તેમજ ગોવિંદા સ્ટાઇલ અને સ્ટેપ્સની તાલીમ આપી રહયા છે**



ગાંધીનગર તા ૩૦

નવલી નવરાતના પડઘમ વાગી રહયા છે. ત્યારે નવદુર્ગાની ભક્તિ આરધનાના આ પર્વમાં સૌ કોઇ ગરબે ઘુમવા થનગની રહયા છે. એકબાજુ નવયૌવન પણ ગરબાના અવનવા ગરબાના સ્ટેપ્સ સાથે ગરબા ઘુમવા થીરકી રહયુ છે. ત્યારે નગરના રાજવી પરિવારના સભ્યો પણ આ વખતે ગરબે ઘુમવા ગરબાના વિવિધ સ્ટેપ્સ શીખી રહયા છે. નગરના રોયલ પરિવારની મહીલા સભ્યો ગરબા મેદાનમાં મનમુકીને ગરબાની રમઝટ માટે ઉત્સુક બન્યા છે. નગરના યુવા કલાકાર ભાવિન પટેલ આ માટે રોજ તેમને ગરબાના વિવિધ સ્ટેપ્સ શીખવાડવા તાલીમ આપી રહયા છે.જેમાં રાજવી પરિવારના સભ્યો સાથે ડોકટરો તેમજ ટીચર્સ પણ સામેલ થયા છે.આ પૈકી મોટાભાગના સભ્યો પ્રથમવાર ગરબે ઘુમશે. રાજવી પરિવારના આ મહીલા સભ્યો દોઢીયુ કચ્છી ગૃપ સ્ટેપ્સ તેમજ ગોવિંદા સ્ટાઇલમાં ગરબા મેદાનમાં ધુમ મચાવશે.



નવરાત્રી મહોત્સવનુ ભવ્ય આયોજન ગાંધીનગરની આગવી ઓળખ છે. નવલી નવરાતના પડઘમ વાગી રહયા છે. ત્યારે શહેરના સેકટરોમાં ગરબાના વર્ગો ધમધમી રહયા છે. સેકટરોની શેરીઓમાં પણ ગરબાના આયોજનની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. નગરમાં અલ્ટ્રા મોર્ડન ગરબા મહોત્સવના શામિયાણાં ઉભા કરવા આયોજકો તૈયારીમાં લાગી ગયા છે. બીજીતરફ નગરનુ નવયૌવન ગરબે ઘુમવા થનગની રહયુ છે. ત્યારે શહેરમાં સૌ પ્રથમવાર રાજવી પરિવારના મહીલા સભ્યો પણ આ વખતે ગરબા મેદાનમાં ધુમ મચાવશે. શહેરમાં રહેતા રોયલ પરિવારના પાદમીનીબા સાર્વદમનાસિંહ વાઘેલા,રોહીબા અજયસિંહ ચુડાસમા,હેમાબા રીપુદમનસિંહ વાઘેલા, ગુનિતા જયદિપસિંહ વાઘેલા, રાજેશ્વરીજી ગણપતસિંગ વાઘેલા,જયશ્રી ગુરુદત્ત, તેમજ મહીમા રોઠોડ, કેરલના રાજવી પરિવારના પ્રતિભા મોનિસ નાયર સહીતના સભ્યો જોડાશે. આ ઉપરાંત કાર્મેલ સ્કુલના શિક્ષિકા અદીતી વાઘેલા તેમજ માલ્વિકા વિક્રમસિંહ ગેલોત ડો શ્રેષ્ઠા પરમાર અને નેહા ચુડાસમા પણ આ ગૃપમાં ગરબાના વિવિધ સ્ટેપ્સની તાલીમ લઈ રહયા

● અનુસંધાન પાન-૭ પર

# મધુર ડેરી પર શંકરસિંહ રાણા જૂથનો દબદબો

**૪ મહિલા બેઠક પર પાંચ ઉમેદવારો : ૮ બેઠકો બિનહરિફ : ૯મી ઓક્ટોબરના રોજ મતદાન યોજાશે : તંત્ર દ્વારા તૈયારીઓ શરૂ**

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગરની જાણીતી સહકારી સંસ્થા મધુર ડેરીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ચૂંટણીમાં વર્તમાન ચેરમેન શ્રી શંકરસિંહ રાણાની પેનલના ૮ ઉમેદવારો બિનહરિફ ચુંટાયેલા જાહેર થયા છે, જ્યારે મહિલાઓ માટેની ૪ બેઠકો માટે પાંચ ઉમેદવારો મેદાનમાં રહેતાં ૯મી ઓક્ટો.ના રોજ મતદાન યોજાશે.

બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ચૂંટણી પહેલાં થયેલા કાનૂની વિવાદો બાદ આ ચૂંટણીની જાહેરાત કરાઈ હતી. આ ચૂંટણીએ સમગ્ર જિલ્લામાં ભારે રાજકીય ઉત્તેજનાઓ જગાવી હતી.

ગઈકાલે ઉમેદવારીપત્રો પાછા ખેંચવાના અંતિમ દિવસે ચૂંટણી ચિત્ર સ્પષ્ટ બન્યુ છે. જેમાં વર્તમાન ચેરમેન શ્રી શંકરસિંહ રાણાની પેનલનો દબદબો યથાવત રહ્યો છે અને ૮ બેઠકો પર બિનહરિફ વિજય મેળવ્યો છે.

બિનહરિફ ચૂંટાયેલા જાહેર થયેલા ઉમેદવારોમાં ચૌધરી વિનુભાઈ કેશાભાઈ, રાણા શંકરસિંહ રામસિંહ, સોલંકી ધીરજબેન શંભુજી, રાણા કનુસિંહ રામસિંહ, બારૈયા સોમાજી શકરાજી, પટેલ રમેશભાઈ મફતભાઈ, બારોટ હર્ષદભાઈ અને ગિરીશભાઈ પટેલનોસમાવેશ થાય છે.

મહિલાઓ માટેની ૪ બેઠકો માટે પાંચ ઉમેદવારો મેદાનમાં રહેતાં તેમને ચૂંટણી પ્રતીકો પણ તંત્ર દ્વારા ફાળવી અને મતદાન માટેની તૈયારીઓ આરંભી દેવામાં આવી છે.

મહિલા ઉમેદવારો માટે સંઘના તમામ મતદારોએ મતદાન કરવાનું છે. ૧૧૧ મતદારો આ માટે મતદાન કરશે. મહિલા ડિરેક્ટર્સ માટેની ૪ બેઠક માટે જે પાંચ ઉમેદવારો મેદાનમાં છે તેમાં દક્ષાબેન પટેલ, બાલુબેન રાણા, રમીલાબેન પટેલ, રંજનબેન ઝાલા અને હંસાબેન ઠાકોરનો સમાવેશ થાય છે.

# પાંચ વર્ષમાં જિલ્લામાં ગૌધનની સંખ્યામાં અઢી ગણો વધારો

**૨૦,૨૨૧ રખડતા કુતરા અને ૫ હજાર રખડતુ પશુધન છે, ભેંસ સંવર્ગમાં ઘટાડો ૧૯મી પશુધન ગણતરીમાં નોંધાયો**

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લામાં પશુપાલકો હવે ભેંસને બદલે ગૌ પશુપાલન તરફ વધુ ઝુક્યા છે અને છેલ્લા પાંચ વર્ષમાં જિલ્લામાં ગૌધનની વસ્તી બમણા કરતાં વધુ નોંધાઈ છે.

જિલ્લામાં ૧૮મી પશુધન વસ્તી ગણતરી પ્રમાણે ૪૯,૮૨૫ ગૌધન હતુ પરંતુ ૧૯મી પશુધન વસ્તી ગણતરીને અંતે તે સંખ્યા ૧,૬૨,૭૯૨ પર પહોંચી છે. જિલ્લામાં ભેંસ સંવર્ગમાં ૧૮મી પશુધન ગણતરી કરતાં ૧૯મી પશુધન ગણતરીમાં ઘટાડો જોવા મળ્યો છે. જોકે આ ઘટાડો નજીવો છે.

મળતી વિગતો પ્રમાણે ૧૮મી પશુધન ગણતરીમાં ભેંસ સંવર્ગનું પશુધન ૩,૬૪,૦૧૪ હતુ તે ઘટીને ૧૯મી પશુધન ગણતરીમાં ૩,૩૨,૯૨૨ નોંધાયું છે.

જિલ્લામાં સવાલાખ પરિવારો પશુધન ધરાવે છે. જેમાં ૧,૬૨,૭૯૨ ગાય, ૩,૩૨,૯૨૨ ભેંસ, ૭૫,૪૧૫ બકરા, ૧૪,૦૦૫ ઘેંટા, ૨૬૭ ઘોડા, ૧૧૮૦ ઊંટ, ૮૦૮ ગધેડા, ૭૬૧૫ દેશી મરઘા અને સુધારેલી મરઘાની જાતિની સંખ્યા ૧,૨૫,૫૧૦ ૧૯મી પશુધન ગણતરીમાં જણાઈ આવેલ છે.

જિલ્લામાં ગૌધન વધી રહ્યુ છે તે બદલાતા પશુપાલનનો ટ્રેન્ડ દર્શાવે છે. આ ઉપરાંત ગધેડા, ઊંટ, ઘોડા, બકરાની સંખ્યામાં પ્રમાણમાં ઘટાડો જોવા મળી રહ્યો છે.

જિલ્લામાં ૨૦,૨૨૧ રખડતા કુતરા તેમજ પાંચ હજાર જેટલુ અન્ય રખડતા પશુઓ ૧૯મી પશુધન ગણતરીમાં નોંધાયા છે. પાલતુ કુતરાઓની સંખ્યામાં પણ વધારો થયો છે.

# સે. ૬માં વૃક્ષ સાથે અથડાતા બાઈકચાલકનું કરૂણ મોત

**સે-૬ ભુવનેશ્વરી મહાદેવ મંદિર સામે મધરાતે બનેલી ઘટના : વડાપાઉં-દાબેલીનો માસ્ટર કારીગર આ ૨૩ વર્ષીય યુવાન જ પોતાના પરિવારનું ગુજરાન ચલાવતો હતો : પરિવાર પર દુઃખનો પહાડ તુટી પડયો**

ગાંધીનગર, તા.૩૦

શહેરનાં સેકટર-૧૩માં રહેતો દાબેલી-વડાપાઉંનો માસ્ટર કારીગર ૨૩ વર્ષીય યુવાન ગઈ રાત્રે પોતાના ઘરેથી બાઈક લઈને નીકળ્યો હતો. સેકટર-૬ ભુવનેશ્વરી મહાદેવ મંદિર સામેના માર્ગ પર પહોંચ્યો ત્યાં અચાનક તેણે કોઈ કારણોસર સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવી દીધો અને બાઈક બાવળના થડમાં ઘુસી ગયું હતું. આ અકસ્માત થતા સ્થળ પર જ આશાસ્પદ યુવાનનું કમકમાટીભર્યુ મૃત્યુ નિપજયુંહતુ. પરિવારના આધાર સમા આ યુવાનના મૃત્યુથી પરીવાર પર દુઃખનો પહાડ તુટી પડયો છે. સે-૭ પોલીસે ગુનો દાખલ કરીને જરૂરી કાર્યવાહી શરૂ કરી છે.



શહેરના સેકટર-૧૩-એ પ્લોટ નં. ૫૩૧/૨ ખાતે રહેતો ૨૩ વર્ષીય

● અનુસંધાન પાન-૭ પર

**વળાંક પાસેના નડતરરૂપ બાવળને કારણે આ મહિનામાં ચોથો અકસ્માત**

સેકટર-૬ ભુવનેશ્વરી મહાદેવ સામે રસ્તા પર જયાં રાત્રે અકસ્માત થયો ત્યાં થોડી જ વારમાં આસપાસના રહીશો દોડી આવ્યા હતા અને તેમના કહ્યા પ્રમાણે આ રોડ પરના સામાન્ય વળાંક પાસે રોડને અડીને આવેલા બે બાવળ ખુબ ભયંકર છે. નડતરરૂપ આ બાવળના ઝાડને કારણે આ મહિનામાં જ ચાર અકસ્માતો સર્જાયા હતા. આ બાવળને કાપી નાંખવામાં આવે તેવી લાગણી રહીશોએ વ્યકત કરી હતી.

# પશુઓમાં કૃત્રિમ બીજદાન કામગીરીમાં સમગ્ર રાજ્યમાં ગાંધીનગર પ્રથમ સ્થાને

**લક્ષ્યાંક સામે ૪૬૮ ટકા સિદ્ધિ મેળવતાં રાજ્યના પશુપાલન નિયામકે સન્માનપત્રથી ટીમનું સન્માન કર્યુ**

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લો પશુપાલન ક્ષેત્રે કૃત્રિમ બીજદાનમાં ૨૦૧૪-૧૫માં ૪૬૮ ટકા સિદ્ધિ સાથે સમગ્ર રાજ્યમાં પ્રથમ આવતાં પંચાયતના તંત્રમાં આજે ખુશીનો માહોલ છવાયેલો જોવા મળતો હતો.

જિલ્લાને ગઈકાલે જ આ અંગે સન્માનિત કરતુ પ્રમાણપત્ર પશુપાલન નિયામકશ્રી દ્વારા આપવામાં આવ્યું છે.

જિલ્લા પંચાયત ગાંધીનગર એ વર્ષ ૨૦૧૪-૧૫માં સમગ્ર રાજ્યમાં આવેલ જિલ્લા પંચાયતો પૈકી કૃત્રિમ બીજદાનની કામગીરીના આવેલ લક્ષ્યાંક ૭,૪૦૦ની સામે ૩૪,૬૨૪ પશુધનમાં કૃત્રિમ બીજદાનની પ્રશંસનીય કામગીરી કરી ૪૬૮ ટકા સિદ્ધિ નોંધાવી સમગ્ર રાજ્યમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે.

મળતી વિગતો પ્રમાણે કૃત્રિમ બીજદાન ૪૫ થી ૫૦ ટકા સુધી સફળ રહેતુ હોય છે.

● અનુસંધાન પાન-૭ પર

# સ્માર્ટસીટીના પ્રોજેક્ટ માટે એક હજારથી વધુ સૂચનો મળતાં તંત્ર ભારે ઉત્સાહમાં

ગાંધીનગર, તા. ૩૦

સ્માર્ટ સીટી માટે પહેલો પ્રોજેક્ટ કયો હાથ ધરવો જોઈએ તેના માટે તંત્રને એક હજાર જેટલા સૂચનો ચાર દિવસમાં જ મળતાં તંત્રમાં ઉત્સાહનો માહોલ છવાયેલો જોવા મળી રહ્યો છે.



સે. ૨૪ના પ્રથમ કાર્યક્રમની નિષ્ફળતા બાદ આજે વધુ એક વખત તંત્રએ સે. ૨૪માં કાર્યક્રમ સૂચનો મેળવવા માટે યોજ્યો હતો. જેમાં મેયર, ડે. મેયર, ગુડાના ચેરમેન, પૂર્વ મેયર સહિત ૧૦થી વધુ

**સેક્ટર-૨૪માં આજે બીજા કાર્યક્રમમાં મેયર, ડે. મેયર, ગુડાના ચેરમેન, પૂર્વ મેયર સહિત પદાધિકારીઓની હાજરી**

● અનુસંધાન પાન-૭ પર

# આજે શહેરમાં વિશ્વ વડીલ દિવસ પ્રથમવાર ઉજવાશે

**જિલ્લામાં ૧૩ વડીલોની આયુ સો વર્ષથી વધુ શહેરમાં ૩૫ વર્ષથી નીચેના યુવાનોની સંખ્યા ૪૫ ટકા**

ગાંધીનગર તા ૩૦

ગાંધીનગર જિલ્લામાં ૧૩ વડીલો ૧૦૦ વર્ષથી વધુની આયુ ધરાવે છે. જયારે કોર્પોરેશન વિસ્તારની વસતીની સાપેક્ષમાં નગરમાં અંદાજિત ૧૫ હજાર જેટલા નાગરીકો સિનિયર સિટિઝન્સ છે. ૩૫ વર્ષથી ઓછી ઉંમર ધરાવતા યુવાનોની વસતી ૪૫ ટકા જેટલી છે. યુના દ્વારા આજે ૧ ઓકટોબરના રોજ સિનિયર સિટિઝન ડે ની ઉજવણી કરવામાં આવશે. આ તબક્કે ગાંધીનગરમાં પણ પ્રથમવાર સિનિયર સિટિઝન ડે ઉજવાશે. ત્યારે સમાજના વડીલ વર્ગને નડતી ગંભીર સમસ્યાઓ માટે હજુ કોઈ વિશેષ આયોજન થઈ શકયુ ન હોવાનો અફસોસ પણ સેવાઈ રહયો છે. દેશના અન્ય રાજયોની જેમ ગુજરાતના વયસ્ક નાગરિકોને જરૂરિયાત મુજબ સવલતો મળતી નથી અને સલામતીના મામલે પણ અનેકવાર પ્રશ્નો સર્જાય છે. આ મામલે વિશેષ હેલ્પ લાઈન શરૂ કરવા પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

યુનો દ્વારા વર્ષ ૧૯૯૦ થી ૧ ઓકટોબરના રોજ આંતરરાષ્ટ્રીય વડીલ ડે ની ઉજવણી કરવામાં આવે છે. જયારે ગાંધીનગરમાં પણ પ્રથમવાર સિનિયર સિટીઝન્સ ડે ની ઉજવણી કરવામાં આવશે. આ અંગે શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચના જણાંવ્યા મુજબ જિલ્લામાં ૧૦૦ વર્ષથી વધુ આયુ ધરાવતા ૧૩ વ્યકિતઓ છે. જયારે કાર્પોરેશન વિસ્તારની વસતી ૨,૩૮,૦૦૮ જેટલી છે. જેમાં ૧,૫૩,૦૭૬ પુરુષો અને મહીલાની સંખ્યા ૯૮૪૩૨ જેટલી છે. જયારે શહેરમાં ૬૦ થી ૧૦૦ વર્ષ વચ્ચેની આયુ ધરાવતા નાગરિકોની સંખ્યા ૧૫ હજાર જેટલી છે. આ ઉપરાંત નગરમાં ૩૫ વર્ષથી નીચેની વય

● અનુસંધાન પાન-૭ પર





**ધી ગાંધીનગર નાગરિક કો.ઓ. બેન્ક લિ.**

પ્લોટ નં. ૩૯૧, સેક્ટર-૧૬, ઘ-૪॥, ગાંધીનગર

**જાહેર નિવિદા**

(૧) બેન્કમાં જરૂરી પોલીશ કામ, કલર કામ તથા ઈલેક્ટ્રીક મેઈન્ટેનન્સ માટેના લેબર કામો (માત્ર મજુરી કામ) અંગેના વાર્ષિક ભાવો રસ ધરાવતી પેઢીઓ પાસેથી મંગાવવામાં આવે છે.

(૨) એશીયન કલર તથા સ્ટાન્ડર્ડ પોલીશ મટેરીયલ અંગેના ભાવો તે રસ ધરાવતા અધિકૃત વિક્રેતાઓ પાસેથી વાર્ષિક ધોરણે મંગાવવામાં આવે છે.

(૩) બ્રાન્ડેડ કંપનીના વૉટર ડીસ્પેન્સરના ભાવો રસ ધરાવતી પેઢી પાસેથી મંગાવવામાં આવે છે.

ઉપરોક્ત તમામ ભાવો જાહેરાતની તારીખથી દિન-૭માં બેન્કની હેડ ઓફીસ ખાતે રજી. એડી. પોસ્ટથી જનરલ મેનેજર, ધી ગાંધીનગર નાગરિક કો.ઓ. બેન્કના નામે ઉપરોક્ત જણાવેલ સરનામે મોકલી આપવા માટે જણાવવામાં આવે છે. ભાવપત્રક મંજુર કરવા કે ન કરવા તે માટેનો નિર્ણય લેવા માટે બેન્કનો અધિકાર સંપૂર્ણ અબાધિત રહેશે.

લિ. મેનેજીંગ ડિરેક્ટર


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com